URBAN HEALTH SOCIETY

AHMEDABAD MUNICIPAL CORPORATION
Second Floor, "Aarogya Bhavan", Old TB Hospital Compaund, Opp. Gita Mandir S.T. Bus Stand, Gita Mandir Road, Ahmedabad. – 380022.
Email ID : hr.hodnuhm@gmail.com Tel : 079-25392185

આઝાદી કા અમૃત મહોત્સવ

મેડીકલ સ્પેશેયાલીસ્ટ ની ૧૧ માસના કરાર આધારિત ભરતી કરવા બાબત

એન.એચ.એમ. અંતર્ગત ધી અર્બન હેલ્થ અમદાવાદ ખાતે મેડીકલ સ્પેશીયાલીસ્ટની જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારે ભરવા તથા તેની પ્રતીક્ષાયાદી બનાવવા વોક ઇન ઈન્ટરવ્યું રાખવાના થાય છે. મેડીકલ સ્પેશીયાલીસ્ટએ પોતાના શૈક્ષણીક લાયકાત તથા અનુભવના અસલ પ્રમાણપત્રો અને પ્રમાણપત્રોની પ્રમાણીત નકલો સાથે તેમના નામ, સરનામું, ઉંમર, શૈક્ષણીક લાયકાત તથા અનુભવની વિગત નિયત ફોર્મેટમાં સ્વ અક્ષરે ભરી તા:૧૦/૧૨/૨૦૨૧ ના રોજ અરજીપત્ર સાથે નીચે જણાવેલ સરનામે હાજર રહેવાનું રહેશે.

ક્રમ	જગ્યાનું નામ	શૈક્ષણિક લાયકાત	અનુભવ	ઉંમર	ઉચ્ચક માસિક વેતન
૧	ફીઝીશીયન (મેડિસિન)	૧. એમ.ડી (મેડીસીન) ૨. મેડીકલ કાઉન્સીલમા રજીસ્ટ્રેશન થયેલ હોવુ જોઈએ.	સરકારી/અર્ધ સરકારી શાખામાં અનુભવ ધરાવનારને પ્રાધાન્ય આપવામાં આવશે	મહત્તમ ૬૨ વર્ષ	૩.૭૫,૦૦૦/ ફિક્સ
૨	પિડિયાટ્રિશીયન	૧. એમ.ડી (પીડીયાટ્રીક્સ) ૨ મેડીકલ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન થયેલ હોવું જોઈએ	સરકારી/અર્ધ સરકારી શાખામાં અનુભવ ધરાવનારને પ્રાધાન્ય આપવામાં આવશે	મહત્તમ ૬૨ વર્ષ	૩.૭૫,૦૦૦/ ફિક્સ
૩	સર્જન	૧. એમ.ડી (સર્જરી) ૨ મેડીકલ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન થયેલ હોવું જોઈએ	સરકારી/અર્ધ સરકારી શાખામાં અનુભવ ધરાવનારને પ્રાધાન્ય આપવામાં આવશે	મહત્તમ ૬૨ વર્ષ	૩.૭૫,૦૦૦/ ફિક્સ
૪	રેડીયોલોજીસ્ટ	૧. એમ.ડી (રેડીયોલોજી) ૨. મેડીકલ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન થયેલ હોવું જોઈએ.	સરકારી/અર્ધ સરકારી શાખામાં અનુભવ ધરાવનારને પ્રાધાન્ય આપવામાં આવશે	મહત્તમ ૬૨ વર્ષ	૩.૭૫,૦૦૦/ ફિક્સ
૫	ઓપ્થેલ્મોલોજીસ્ટ	૧. એમ.એસ. ઓપ્થેલ્મોલોજીસ્ટ ૨. મેડીકલ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન થયેલ હોવું જોઈએ.	સરકારી/અર્ધ સરકારી શાખામાં અનુભવ ધરાવનારને પ્રાધાન્ય આપવામાં આવશે	મહત્તમ ૬૨ વર્ષ	૩.૩૭,૫૦૦/ ફિક્સ
૬	ઓર્થોપેડીક	૧.એમ.એસ(ઓર્થોપેડીક) ૨ મેડીકલ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન થયેલ હોવું જોઈએ.	સરકારી/અર્ધ સરકારી શાખામાં અનુભવ ધરાવનારને પ્રાધાન્ય આપવામાં આવશે	મહત્તમ ૬૨ વર્ષ	૩.૩૭,૫૦૦/ ફિક્સ
૭	ડર્મેટોલોજીસ્ટ	૧. એમ.ડી (સ્કીન) ૨. મેડીકલ કાઉન્સીલમા રજીસ્ટ્રેશન થયેલ હોવુ જોઈએ.	સરકારી/અર્ધ સરકારી શાખામાં અનુભવ ધરાવનારને પ્રાધાન્ય આપવામાં આવશે	મહત્તમ ૬૨ વર્ષ	૩.૩૭,૫૦૦/ ફિક્સ

શરતો :-

- પસંદ થયેલ ઉમેદવારોએ નિમણૂંક અગાઉ ધી અર્બન હેલ્થ સોસાયટી સાથે કરાર કરવાનો રહેશે
- ઉપરોક્ત જગ્યા પૈકી અનુક્રમ નંબર ૦૧ થી ૦૪ની પોસ્ટ પર નિમણુક પામેલા અધિકારીઓએ અઠવાડિયામાં ૬ દિવસ સવારે ૦૯ થી બપોરે ૧ વાગ્યા સુધી નિમણુક આપેલ હેલ્થ ફેસીલીટી ખાતે સેવા આપવાની રહેશે તેમજ ઈમરજન્સી/આકસ્મીક સંજોગોમાં ફરજ ઉપર હાજર થવાનુ રહેશે.
- ઉપરોક્ત જગ્યા પૈકી અનુક્રમ નંબર ૦૫ થી ૦૭ની પોસ્ટ પર નિમણુક પામેલા અધિકારીઓએ અઠવાડિયામાં ૩ દિવસ સવારે ૦૯ થી બપોરે ૧ વાગ્યા સુધી નિમણુક આપેલ હેલ્થ ફેસીલીટી ખાતે સેવા આપવાની રહેશે તેમજ ઈમરજન્સી/આકસ્મીક સંજોગોમાં ફરજ ઉપર હાજર થવાનુ રહેશે.
- પસંદગી પામેલ ઉમેદવારને સક્ષમ સત્તાની મંજુરી મુજબ કોઈપણ હેલ્થ ફેસીલીટી ખાતે ટ્રાન્સફર કરી શકશે જે ઉમેદવારએ મંજુર રાખવાની રહેશે.

URBAN HEALTH SOCIETY

AHMEDABAD MUNICIPAL CORPORATION
Second Floor, "Aarogya Bhavan", Old TB Hospital Compaund, Opp. Gita Mandir S.T. Bus Stand, Gita Mandir Road, Ahmedabad. – 380022.
Email ID : hr.hodnuhm@gmail.com Tel : 079-25392185

- ઉપરોકત જગ્યા માટે જે તે તબક્કે કોઈપણ પ્રકારનું રાજકીય કે સંસ્થાકીય દબાણ કરવામાં આવશે તો તેઓની નિમણુક રદ કરવામાં આવશે.
- ઉમેદવારે ઈન્ટરવ્યુ માટે લાયકાતનાં અને અનુભવનાં પ્રમાણપત્રની ચકાસણી કરાવવા સ્વખર્ચે હાજર થવાનું રહેશે.
- અરજદારે અરજી ફોર્મ સાથે લાયકાત તથા અનુભવનાં તમામ પ્રમાણપત્રની પ્રમાણીત નકલ જોડવાની રહેશે. જો પૂરતા ડોક્યુમેન્ટ રજુ કરવામાં નહિ આવે તો તે અરજી રદ કરવામાં આવશે. તે અંગે ઉમેદવારનો કોઈ હક્ક દાવો રહેશે નહી.
- ઉમેદવારનો અનુભવ અસલ પ્રમાણપત્ર ચકાસણી વખતે અસલ અનુભવનાં પ્રમાણપત્રને આધારે ગણવામાં આવશે તેઓના નિમણુંક ઓર્ડરને આધારે અનુભવ ગણાશે નહી.
- જે ઉમેદવારનાં માર્કસ ગ્રેડમાં હોય તેવા ઉમેદવારે જે-તે યુનિર્વસીટીમાંથી ડીગ્રી મેળવી હોઈ તે યુનિર્વસીટીનું ગ્રેડને ટકાવારીમાં ફેરવવા અંગેનો પ્રમાણપત્ર રજૂ કરવાનો રહેશે. જો ઉમેદવાર આ અંગેનું પ્રમાણપત્ર રજુ ના કરે તો તે ઉમેદવાર ના લઘુતમ માર્ક્સ ગણાશે.
- પસંદગી પામેલ ઉમેદવાર નિમણુંક અધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણુંક મેળવવાને પાત્ર થશે.
- આ જગ્યાની ભરતી પ્રકીયાનાં અનુસંધાને આ જાહેરાતમાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ્ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો ખાતાના ઉચ્ચ અધિકારીને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને ઉચ્ચ અધિકારી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.
- ઉમેદવારની મેરીટ યાદી ઉમેદવારની આવેલ અરજીઓ ઉપરથી તૈયાર કરવામાં આવેલ હોવાથી જો તેમાં કંઈ પણ ક્ષતી અથવા ખોટું કરેલ હોય તેવું જણાશે તો તે ઉમેદવારને મેરીટ લિસ્ટમાં સમાવેશ કરવામાં આવશે નહી.
- પસંદગી થયેલ ઉમેદવારની નિમણુંક ૧૧ માસ માટે રહેશે. કોન્ટ્રાકટ પૂર્ણ થતાં જો કર્મચારીની કામગીરી સંતોષકારક હશે તો ૧ દિવસનો બ્રેક આપી તેનો કરાર રીન્યુ કરવામાં આવશે.

- રજીસ્ટ્રેશનનો સમય :- સવારે ૦૯:૦૦ થી ૧૦:૦૦
- ઈન્ટરવ્યુની તારીખ :- તા.૧૦/૧૨/૨૦૨૧
- ઈન્ટરવ્યુનું સમય :- સવારે ૧૦:૩૦ થી શારુ
- ઈન્ટરવ્યુનું સ્થળ :- આરોગ્ય અધિકારીશ્રીની ઓફીસ, પ્રથમ માળ, આરોગ્ય ભવન
  જુનુ ટી. બી. હોસ્પિટલ કમ્પાઉન્ડ,જુના એસ. ટી. બસ સ્ટેન્ડની સામે,
  ગીતા મંદિર રોડ, આસ્ટોડિયા દરવાજા પાસે, અમદાવાદ.

મેમ્બર સેક્રેટરી
ધી અર્બન હેલ્થ સોસાયટી, અમદાવાદ